# રાજ્યસ્તરીય ગણેશ પંડાલ સ્પર્ધામાં આણંદના ગણેશ પ્રથમ રહ્યાં

**બ્લોકબસ્ટર** ચેરિટેબલ ટ્રસ્ટના ગણેશ પંડાલને ૯૩ ગુણ સાથે ૩. ૫ લાખનું પ્રથમ પુરસ્કાર

(પ્રતિનિધિ)આણંદ, તા.૧૩

રાજ્યમાં પરંપરાગત લોકસંસ્કૃતિના જતન અને કલા વારસાને લોકો સુધી પહોંચાડવાના હેતુથી આયોજિત શ્રી ગણેશ પંડાલ સ્પર્ધા-૨૦૨૬માં આણંદ જિલ્લાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ગૌરવ વધાર્યું છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા પરિણામ મુજબ આણંદના બ્લોકબસ્ટર ચેરિટેબલ ટ્રસ્ટના ગણેશ પંડાલને કુલ ૧૦૦માંથી ૯૩ ગુણ સાથે પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિ બદલ ટ્રસ્ટને રૂ. ૫ લાખની પુરસ્કાર રકમ ફાળવવામાં આવી છે.

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ આયોજિત આ સ્પર્ધામાં રાજ્યના ૨૯ જિલ્લાઓમાંથી મળેલી દરખાસ્તોની પ્રાથમિક ચકાસણી કરવામાં આવી હતી. તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સમિતિ દ્વારા સ્પર્ધાની દરખાસ્તોની ચકાસણી કરીને વિજેતાઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ મંજૂર થયેલા પરિણામોમાં આણંદ જિલ્લાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે.

સ્પર્ધામાં ગણેશ પંડાલની સજાવટ અને મંડપની રચના, ગણેશ પ્રતિમાની પસંદગી, સામાજિક સંદેશ, દેશભક્તિની ભાવના અને વિદેશી વસ્તુઓના ઉપયોગ જેવા વિવિધ માપદંડોને આધારે ગુણ આપવામાં આવ્યા હતા. આ તમામ માપદંડોમાં બ્લોકબસ્ટર ચેરિટેબલ ટ્રસ્ટના ગણેશ પંડાલે કુલ ૯૩ ગુણ મેળવી અન્ય જિલ્લાઓની સરખામણીએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

સ્પર્ધાના પરિણામ મુજબ આણંદ જિલ્લાના પ્રથમ ક્રમાંક બાદ અમરેલી જિલ્લો ૬૬ ગુણ સાથે બીજા ક્રમે રહ્યો હતો, જેને રૂ. ૩ લાખનું પુરસ્કાર જાહેર થયું છે. મહીસાગર જિલ્લાએ ૬૩ ગુણ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું અને રૂ. ૧.૫૦ લાખનું પુરસ્કાર મેળવ્યું હતું. જ્યારે વલસાડ જિલ્લાને ૬૧ ગુણ સાથે ચોથું સ્થાન મળ્યું હતું. બોટાદ, ભાવનગર, જૂનાગઢ અને કચ્છ-ભુજ જિલ્લાઓએ પણ સ્પર્ધામાં સ્થાન મેળવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા પરંપરાગત લોકસંસ્કૃતિ અને કલા વારસાના સંવર્ધન માટે અમલમાં મૂકાયેલી યોજના હેઠળ વિજેતા જિલ્લાઓને પુરસ્કારની રકમ ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે. આ હેતુ માટે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૨.૩૧ કરોડની જોગવાઈનો ઉલ્લેખ પણ સરકારી દસ્તાવેજમાં કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લાને મળેલું પ્રથમ સ્થાન જિલ્લાના ધાર્મિક અને સાંસ્કૃતિક આયોજનની દૃષ્ટિએ નોંધપાત્ર સિદ્ધિ છે. ગણેશોત્સવને માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતો સીમિત રાખવાને બદલે સામાજિક સંદેશ, દેશભક્તિ અને સાંસ્કૃતિક વારસાની અભિવ્યક્તિ સાથે જોડીને રાજ્યસ્તરે લોકપ્રિયતા હાંસલ કરી છે.



## મહિસાગરના કૌભાંડમાં વધુ ત્રણ કોન્ટ્રાક્ટરોની ધરપકડ

**૩ કોન્ટ્રાક્ટરો** દ્વારા ૨૪ ગામોમાં રૂ. ૨.૩૪ કરોડથી વધુનું કૌભાંડ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

મહિસાગર જિલ્લામાં બહુચર્ચિત 'નલ સે જલ' યોજના કૌભાંડની તપાસમાં સીઆઈડી (CID) ક્રાઈમે વધુ ૩ કોન્ટ્રાક્ટરોની ધરપકડ કરી છે. આ સાથે જ યોજનામાં આચરાયેલી ગેરરીતિ મામલે કુલ ધરપકડનો આંકડો ૭૨ પર પહોંચ્યો છે. સીઆઈડીની આ આકરા પગલાંની કાર્યવાહીથી કૌભાંડી તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વડોદરા સીઆઈડીની તપાસ દરમિયાન કૌભાંડમાં સંડોવણી ખુલ્લી પડતાં મિલવ નરસિંહભાઈ પટેલ, સૂર્યકાંત રમણભાઈ પટેલ અને ગિરીશ સુરેશ પટેલ નામના ત્રણ કોન્ટ્રાક્ટરોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં મિલવ પટેલ કે જેઓની સામે દશ ગામોની યોજનામાં મિલીભગતથી ગેરરીતિ આચરીને રૂ. ૧.૫૪ કરોડનું કૌભાંડ કર્યાની ફરિયાદ છે. તેવી જ રીતે સૂર્યકાંત પટેલ કે જેમની સામે તેર ગામોમાં ગેરરીતિ આચરીને રૂ. ૭૩ લાખની ઉચાપત કર્યાનો આક્ષેપ કરાયો છે. આ ઉપરાંત ગિરીશ પટેલ સામે પણ એક ગામની યોજનામાં ગેરરીતિ કરીને રૂ. ૭ લાખનું કૌભાંડ આચર્યું હોવાનું ખુલ્યું છે.

આમ, સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો લગાવનાર આ કોન્ટ્રાક્ટરો પાસેથી નાણાંની વસૂલાત કરવાની હજુ બાકી છે. નલ સે જલ યોજનાના કરોડો રૂપિયાના આ કૌભાંડમાં કેટલીક ગ્રામ પાણી સમિતિઓ પણ સંડોવાયેલી હોવાની વિગતો સામે આવતાં તેમની સામે પણ તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

**કેડીસીસીના સીઇઓનો ધડાકો** | ૫૫ લાખથી વધુની બાકી રકમ મામલે જિલ્લા રજિસ્ટ્રારે તપાસના આદેશ આપ્યા

## કેડીસીસી બેંક-અંધાડી મંડળી વિવાદમાં ખેડૂતોની રસીદો બનાવટી હોવાની શંકા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૩

ગળતેશ્વર તાલુકાની અંધાડી સેવા સહકારી મંડળીના ખેડૂતો દ્વારા ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક (કેડીસીસી) સામે કરાયેલા ગંભીર આક્ષેપો અંગે બેંકના સીઈઓ અરવિંદ ઠક્કરે મોટો ખુલાસો કર્યો છે. ખેડૂતોએ લોનના નાણાં ભરપાઈ કર્યા હોવા છતાં બેંક દ્વારા નોટિસો ફટકારવામાં આવતી હોવાના દાવાઓને બેંક તંત્રે ફગાવી દીધા છે અને ખેડૂતો પાસે રહેલી રસીદો બનાવટી હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરી છે. આ સમગ્ર મામલે રૂ. ૫૫ લાખથી વધુની બાકી રકમ અંગે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા કલમ ૮૬ મુજબ તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ગળતેશ્વરની અંધાડી સેવા સહકારી મંડળી મારફતે લોન લેનારા ખેડૂતોનો દાવો છે કે તેઓએ મંડળીમાં નાણાં જમા કરાવી દીધા છે અને તેમની પાસે તેની પાકી રસીદો પણ ઉપલબ્ધ છે. આમ છતાં, કેડીસીસી બેંક દ્વારા તેમને નાણાં ભરવા માટેની નોટિસો મોકલવામાં આવી રહી છે. આ આક્ષેપોનો સણસણતો જવાબ આપતા બેંકના સીઈઓ અરવિંદ ઠક્કરે સ્પષ્ટતા કરી હતી કે, ખેડૂતો દ્વારા દર્શાવવામાં આવતી રસીદોમાં અધિકૃત અધિકારીની સહી જ નથી.

આ સમગ્ર વિવાદને પગલે ખેડૂતોની રજૂઆતો અને બેંક દ્વારા કરવામાં આવેલી અપીલને ધ્યાનમાં રાખીને જિલ્લા રજિસ્ટ્રારે કલમ ૮૬ મુજબ સંપૂર્ણ તપાસ હાથ ધરવાનો હુકમ કર્યો છે. આ રૂ. ૫૫ લાખથી વધુની રકમ અંગેનો તપાસ અહેવાલ આવ્યા બાદ જ સમગ્ર સત્ય બહાર આવશે અને ત્યારબાદ કાયદેસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### ૨૦૧૦ના પરિપત્ર મુજબ સહી ફરજિયાત

બેંકના સીઈઓ અરવિંદ ઠક્કરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦ના પરિપત્ર અનુસાર જ્યારે પણ કોઈ ખેડૂત મંડળીમાં લોનના નાણાં જમા કરાવે, ત્યારે તે રસીદ પર બેંકના અધિકારીની પ્રતિ સહી (કોન્ટ્રા-સિગ્નેચર) હોવી ફરજિયાત બનાવવામાં આવી છે. અંધાડીના ખેડૂતો પાસે રહેલી રસીદો પર આવી કોઈ સહી નથી, જેથી તે રસીદો બનાવટી હોવાની પૂરતી શક્યતા છે. જે કેટલીક રસીદો પર સહી જોવા મળી છે, તે સહી પણ ખોટી હોવાનું બેંકના અધિકારીઓનું કહેવું છે.

### ભૂતપૂર્વ સેક્રેટરીની ભૂમિકા શંકાના ઘેરામાં આવ્યાં

આ સમગ્ર મામલામાં મંડળીના ભૂતપૂર્વ સેક્રેટરી દ્વારા નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાની પ્રબળ શંકા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ સદર સેક્રેટરી સામે ઉચાપતની ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

## પરિણીતા પર સાસરીયાએ અમાનુષી અત્યાચાર ગુજાર્યો

**દારૂડિયા** પતિ, સાસુ અને કાકાજી સસરા સામે મહિલા પોલીસ મથકે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૩

મહિસાગર જિલ્લાના લાડવેલ (તા. કોઠંબા) પિયર ધરાવતી અને હાલ હાલોલમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા રેણુકાબેનને દારૂડિયા પતિ, સાસુ તેમજ કાકાજી સસરા દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ અંગે પરિણીતાએ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ ભારદ્વાજસિંહ રાઉલજી, સાસુ દક્ષાબેન અને કાકાજી સસરા રાજેન્દ્રસિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ, રેણુકાબેનના લગ્ન મે ૨૦૧૭માં મૂળ ભદ્રાસાના વતની અને હાલોલ રહેતા ભારદ્વાજસિંહ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ૮ વર્ષનો પુત્ર અને ૧ વર્ષની પુત્રી છે. લગ્નના થોડા સમય બાદથી જ પતિ રોજિંદા ધોરણે દારૂ પીને આવી અવારનવાર મારઝૂડ કરતો હતો, જેમાં સાસુ પણ પુત્રનો પક્ષ ખેંચી પરિણીતાને ત્રાસ આપતી હતી. આ ઉપરાંત કાકાજી સસરા પણ ઘરે આવીને અપશબ્દો બોલી ઝઘડો કરતા હતા. પરિણીતા બાળકોના ભવિષ્ય ખાતર આ અત્યાચાર મૂંગા મોઢે સહન કરતી હતી.

ગત ૨૬ સપ્ટેમ્બરે પરિણીતાએ ઘરખર્ચ માટે પૈસા માગતાં ઉશ્કેરાયેલા પતિએ 'તારો બાપ બહુ રૂપિયાવાળો છે, ત્યાંથી લઈ આવ' કહી મારમાર્યો હતો. બાદમાં સાસુ અને પતિએ પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી હતી. અંતે સમાધાન ન થતાં મહિલા પોલીસ મથકે ત્રણેય સામે ગુનો નોંધાવ્યો છે.

**રાજકીય ગરમાવો** | પાલિકાના ૨૮માંથી ૨૨ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત પર સહી કરી

## ચકલાસી પાલિકામાં અવિશ્વાસની દરખાસ્ત પહેલા પ્રમુખનું રાજીનામું

**ભાજપના** જ ૧૧ સભ્યોના બળવાથી સત્તાધારી પક્ષમાં ભડકો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૩

ખેડા જિલ્લાની ભાજપ શાસિત ચકલાસી નગરપાલિકામાં રાજકીય ઉથલપાથલ ચરમસીમાએ પહોંચી છે. પાલિકા પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલા સામે ભાજપના જ બળવાખોર અને વિપક્ષના સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરતા, આ દરખાસ્ત પર મતદાન થાય કે કોઈ નિર્ણય લેવાય તે પહેલાં જ તેમણે પોતાના હોદ્દા પરથી કલેક્ટરને રાજીનામું સુપરત કરી દીધું છે.

ચકલાસી નગરપાલિકાના પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલાએ પોતાના રાજીનામાના પત્રમાં કૌટુંબિક અને સામાજિક અંગત કારણો દર્શાવ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે અવિશ્વાસની દરખાસ્ત સામે પોતાની ખુરશી બચાવવા માટે તેમની પાસે પૂરતું સંખ્યાબળ બચ્યું ન હતું.

ચકલાસી પાલિકાના કુલ 28 સભ્યોમાંથી 22 સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તમાં સહી કરી હતી. જેમાં વિપક્ષ ઉપરાંત ભાજપના જ 11 સભ્યોએ પોતાના પ્રમુખ સામે બળવો કર્યો હતો. સ્પષ્ટ બહુમતી હોવા છતાં આંતરિક જૂથવાદ અને સત્તાની વહેંચણી મુદ્દે ઊભા થયેલા મોટા અસંતોષને કારણે શિસ્તબદ્ધ કહેવાતા પક્ષની આબરૂના લીરેલીરા ઊડ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચકલાસી પાલિકામાં અઢી વર્ષના બોર્ડમાં માત્ર દોઢ વર્ષમાં બે-બે પ્રમુખોને ઘરભેગા કરી દેવાયા છે.

### નવા પ્રમુખની પસંદગી માટે લોબિંગ શરુ

ભાજપ શાસિત પાલિકામાં બબ્બે પ્રમુખોના રાજીનામા બાદ હવે નવા પ્રમુખની વરણી માટે સ્થાનિક રાજકારણ ગરમ બન્યું છે. આગામી પ્રમુખપદ મેળવવા દાવેદારો દ્વારા જિલ્લા અને પ્રદેશ કક્ષાએ ભારે લોબિંગ થઈ રહ્યું છે, ત્યારે પક્ષનું મોવડી મંડળ આ જૂથવાદ ડામવા શું સેટલમેન્ટ કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## કઠલાલમાં હાઈવે પર બે ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત થયો

**એક્સ્ટ્રીકેશન** કિટ અને લોકોની મદદથી કેબિનમાંથી ડ્રાઇવરને બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) કપડવંજ, તા.૧૩

કઠલાલમાંથી પસાર થતાં અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ગત રાત્રે બે ટ્રક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં કેબિનમાં ફસાયેલા ૨૨ વર્ષીય ડ્રાઈવરને કઠલાલ ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે જબરદસ્ત રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને સુરક્ષિત બહાર કાઢી નવજીવન આપ્યું છે.

કઠલાલના અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ગત રોજ રાત્રે આશરે ૧ વાગ્યાના સુમારે બે ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત અંગેનો કેસ મળ્યો હતો. આ અકસ્માતની જાણ થતાં જ કઠલાલ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી સોહિલ વહોરા તથા પાયલોટ રમેશભાઈ સોઢા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

આ ઘટનાસ્થળે એક ટ્રકના આશરે ૨૨ વર્ષની વયના ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયા હતા અને સ્થાનિક લોકોનું ટોળું તેમને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજી પાયલોટ રમેશભાઈ સોઢાએ પોતાની એક્સ્ટ્રીકેશન કિટ અને સ્થાનિક લોકોના સહયોગથી મદદ શરૂ કરી હતી. જ્યારે ઈએમટી સોહિલ વહોરાએ દર્દીને વધુ ઈજા ન થાય તેનું ધ્યાન રાખી કેબિનમાં પ્રવેશ કર્યો હતો અને ભારે જહમત બાદ ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં ડ્રાઈવરના જમણા પગમાં ઈજા થઈ હતી. જેથી ઈએમટી સોહિલ વહોરાએ અમદાવાદ ૧૦૮ સેન્ટરના ઈઆરસીપી ડો. તુષારની સલાહ મેળવી એમ્બ્યુલન્સમાં જ તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી હતી.

**તારાપુર તાલુકાના મિલરામપુરામાં ખેડૂતોની બેઠક યોજાઇ**

## વળતર ચૂકવ્યા બાદ જ વીજપોલ ઉભા કરવા દેવાશે: ખેડૂતોનો હુંકાર

**કચ્છ-નવસારી** ૭૦૦ કેવી વીજલાઈન મુદ્દે તારાપુર-માતરના અસરગ્રસ્ત ખેડૂતોની બેઠક

(પ્રતિનિધિ) તારાપુર, તા.૧૩

કચ્છથી નવસારી તરફ જતી ૭૦૦ કેવી વીજલાઈન માટે તારાપુર અને માતર તાલુકાનાં ગામોમાં વીજપોલ ઊભા કરવાની કામગીરી હાથ ધરવાની તજવીજ વચ્ચે જમીન સંપાદનનું વળતર ચૂકવવાની માગ ઉગ્ર બની છે. આ મુદ્દે તાજેતરમાં તારાપુર તાલુકાના મિલરામપુરા ગામે બંને તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોની બેઠક યોજાઈ હતી. જેમાં જમીન સંપાદનનું વળતર ચૂકવ્યા બાદ જ વીજપોલ ઊભા કરવાની કામગીરી કરવા દેવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

મિલરામપુરા ગામના સરપંચ રઘુભાઈના જણાવ્યા મુજબ, ગામમાંથી પસાર થનારી વીજલાઈનના આશરે ૨૫થી ૩૦ થાંભલા ઊભા થવાના છે. જોકે, સંબંધિત ખેડૂતોને હજુ સુધી જમીન સંપાદનનું વળતર ચૂકવવામાં આવ્યું નથી. બીજી તરફ, વીજપોલ સ્થાપવાની કામગીરી માટેની તૈયારીઓ શરૂ થતાં અસરગ્રસ્ત ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે.

બેઠકમાં ઉપસ્થિત તારાપુર અને માતર તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોએ સ્પષ્ટ કર્યું હતું કે વળતરની ચૂકવણી કર્યા વગર વીજપોલ ઊભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે તો તેનો સખત વિરોધ કરવામાં આવશે. ખેડૂતોના જણાવ્યા મુજબ, જમીન સંપાદનના વળતરનો પ્રશ્ન ઉકેલ્યા બાદ જ વીજલાઈનના થાંભલા સ્થાપવાની કામગીરી શરૂ થવી જોઈએ. આ બેઠકમાં ખેડૂતોએ એકસૂરે વળતરની ચૂકવણીને પ્રાથમિકતા આપવાની માગ કરી હતી. હવે સંબંધિત તંત્ર દ્વારા ખેડૂતોની રજૂઆતને ધ્યાનમાં લઈને વળતરના પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ, તેના પર અસરગ્રસ્ત ખેડૂતોની નજર મંડાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીજલાઈનના પોલ અંગે સૌરાષ્ટ્ર - કચ્છમાં વિવાદ ઉભો થયો હતો.

## આણંદમાં ઓક્ટોબરમાં ફળ, ફૂલ અને શાકભાજી પ્રદર્શન-હરીફાઈ યોજાશે

આણંદ | ખેડૂતો આધુનિક બાગાયતી ખેતી પદ્ધતિઓ અપનાવે તે હેતુથી નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા ઓક્ટોબર માસમાં ફળ, ફૂલ અને શાકભાજી પ્રદર્શન તથા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન તથા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતા તમામ ખેડૂતો માટે પૂર્વ-નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે. આ આયોજનથી ખેડૂતો નવીનતમ તકનીકોથી માહિતગાર થઈને બાગાયતી પાકોની ગુણવત્તા અને પોતાની આવકમાં વધારો કરી શકશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## આંગણવાડીની ભરતીને લઈ અરજદારોની ભારે દોડધામ

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૩

આણંદ જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને હેલ્પરની જગ્યાઓ પર ભરતી માટે મોટી સંખ્યામાં અરજદારો ઉત્સાહિત બનતાં ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે ભારે ઉછાળો નોંધાયો હતો. જોકે, ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો મેળવવાની પ્રક્રિયા દરમિયાન મહિલાઓને ભારે દોડધામનો સામનો કરવો પડ્યો હતો.

ભરતી માટે જરૂરી દસ્તાવેજો સમયસર તૈયાર કરાવવા છેલ્લા દિવસ સુધી મહિલાઓ સરકારી કચેરીઓના ધક્કા ખાતી જોવા મળી હતી. બીજી તરફ, મહેસૂલી કર્મચારીઓની હડતાળને કારણે રહીશના દાખલા સહિતના જરૂરી પુરાવા મેળવવાની કામગીરીમાં વિલંબ થવાની સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે, ભરતી માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની તૈયારી કરી રહેલી મહિલાઓમાં સમયમર્યાદા પહેલાં જરૂરી દસ્તાવેજો મળી રહેશે કે કેમ તે અંગે ચિંતા જોવા મળી હતી.

આંગણવાડીની ભરતીમાં અરજી કરવા માટે જરૂરી પ્રમાણપત્રો મેળવવા અરજદારોને કચેરીઓમાં વારંવાર આવનજાવન કરવી પડી હતી. જોકે, મહેસૂલી કર્મચારીઓની હડતાળ સમેટાઈ જતાં પ્રમાણપત્રો મેળવવાની પ્રક્રિયાએ વેગ પકડ્યો હતો. તેના પગલે સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં અરજદારોને રહીશના દાખલા મળી રહેતાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં સરળતા રહી હતી. આંગણવાડી ભરતી માટેની પ્રક્રિયામાં મોટી સંખ્યામાં મહિલાઓની દાવેદારી વચ્ચે જરૂરી દસ્તાવેજો મેળવવાની કામગીરી અરજદારો માટે પડકારરૂપ બની હતી, પરંતુ હડતાળ સમેટાતાં તેમને રાહત મળી હતી.

## નડિયાદના સલૂણમાં પૂર્વોત્તરની 'મણિપુરી આરતી' સાથે મા અંબાની આરાધના

**વારસો** જાળવવા એનઆરઆઈ પણ વતન દોડી આવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

નડિયાદ તાલુકામાં આવેલા સલૂણ ગામમાં આસો નવરાત્રિ પર્વે શ્રદ્ધા અને સાંસ્કૃતિક વિવિધતાનો સુંદર સમન્વય જોવા મળી રહ્યો છે. નવરાત્રિના બીજા દિવસે ગામના મુખ્ય ચોકમાં પરંપરાગત મણિપુરી વેશભૂષામાં સજ્જ દીકરીઓએ મા અંબાની વિશેષ મણિપુરી આરતી ઉતારીને શ્રદ્ધાળુઓને ભક્તિરસમાં લીન કર્યા હતા. આ અનોખી આરાધનાની સાથે સાત સમંદર પાર વસતા NRI પરિવારો પણ માટીની સુવાસથી ખેંચાઈને નવરાત્રિ ઉજવવા પહોંચ્યા છે.

સલૂણ ગામમાં મનમોહક મણિપુરી આરતી પાછળ ગામની દીકરીઓની સખત મહેનત છુપાયેલી છે. દીકરીઓએ નવરાત્રિના આગમનના અઠવાડિયા પહેલાથી જ કઠોર અભ્યાસ શરૂ કરી દીધો હતો, જે બીજા દિવસે ભવ્ય પ્રસ્તુતિ સ્વરૂપે પ્રગટ થયો હતો. આજે આધુનિક જમાનાની હોવા છતાં આ દીકરીઓ પોતાની સાંસ્કૃતિક ધરોહરને સાચવીને આગળ વધારવાનો સંદેશ આપી રહી છે.

તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

સલૂણ ગામના સાંસ્કૃતિક વારસાનું આકર્ષણ એવું છે કે, વિદેશમાં વર્ષોથી સ્થાયી થયેલા પરિવારો નવરાત્રિ દરમિયાન ખાસ ૧૦ દિવસ ગામમાં આવીને રોકાય છે. વિદેશી વાતાવરણમાં ઉછરેલી પોતાની નવી પેઢી અને બાળકો ભારતીય સંસ્કૃતિ, પરંપરાગત રીત-રિવાજો અને મૂળ ગુજરાતી ગરબાની ઓળખને નજીકથી સમજે તે આ પરિવારોનો મુખ્ય હેતુ છે. સલૂણ ગામના મુખ્ય ચોકમાં નવરાત્રિના તમામ ૯ દિવસ દરમિયાન વિશેષ આરતી અને ગરબાનું આયોજન થાય છે, જેમાં દરરોજ અલગ ઉત્સાહ જોવા મળે છે. જોકે, બીજા દિવસે રજૂ કરાયેલી મણિપુરી આરતીએ આ વર્ષના આયોજનને સમગ્ર પંથકમાં એક અનોખી ઓળખ અપાવી છે.